# 7 ભાષા અને પ્રત્યાયન

થોડા સમય માટે વિચારો કે, તમે જે કહેવા માગો છો તેની અભિવ્યક્તિ માટે જો તમારી પાસે ભાષા ન હોત તો શું થાત ? ભાષા વિના આપણે આપણી લાગણીઓ, અનુભવો અને વિચારોને બીજા સુધી કઈ રીતે પહોંચાડત ? અને આપણે પણ એ જાણી ન શકત કે બીજાઓ શું વિચારે છે કે અનુભવે છે ? બાળક તરીકે તમે જ્યારે પ્રથમ વખત 'મા...મા...મા..' કહેવાનું પ્રારંભ કર્યું ત્યારે તમને બોલવા માટે પ્રોત્સાહિત તો કરવામાં આવતા જ હતા, પરંતુ સાથે જ તમારાં માતા-પિતા અને કુટુંબીજનો માટે પણ તે હર્ષ અને આનંદની ક્ષણ હતી. ધીરે-ધીરે તમે 'મા' અને 'પા' બોલવાનું શીખી લીધું અને તમારી જરૂરિયાતો, લાગણીઓ તથા વિચારોને અભિવ્યક્ત કરવા માટે તમે બે કે બેથી વધુ શબ્દોને જોડીને બોલતા શીખ્યા. ઘરમાં માતૃભાષા શીખ્યા બાદ શાળાઓમાં અન્ય ભાષાઓ શીખ્યા. આમ, મા...મા...મા... કહેવાનું શરૂ કરવાથી લઈને ભાષાને લખવાની-બોલવાની-સમજવાની ક્ષમતા તમે પ્રાપ્ત કરી લીધી. હવે પ્રશ્ન એ થાય કે, જીવનપર્યંત આપણે જેનો ઉપયોગ કરીએ છીએ તે ભાષાને અને તેના વિકાસને મનોવૈજ્ઞાનિકોએ કઈ રીતે સમજવાનો પ્રયત્ન કર્યો છે ? પ્રસ્તુત પ્રકરણમાં આપણે તેની વિસ્તૃત ચર્ચા કરીશું.

## ભાષાની વ્યાખ્યા અને લક્ષણો

સામાન્ય રીતે આપણે ત્રણ રીતે ભાષાની અભિવ્યક્તિ કરીએ છીએ. બોલીને, લખીને અને સંકેતો (ઇશારાઓ કે હાવ-ભાવ) દ્વારા. ભાષાની અભિવ્યક્તિનું માધ્યમ ભલે ગમે તે હોય તેનો મૂળભૂત હેતુ એકબીજા સાથે પ્રત્યાયન કરવાનો છે. ભાષાની વ્યાખ્યાઓ નીચે મુજબ આપવામાં આવી છે :

''ભાષા એ પ્રતીકોના તંત્રના આધારે મૌખિક, લેખિત કે સંકેતોમાં રચાયેલું પ્રત્યાયનનું એક સ્વરૂપ છે.''

**- સેન્ટ્રોક (2005)**

''ભાષા એ અમુક નિયમો દ્વારા સંગઠિત પ્રતીકોનું એક તંત્ર છે, જેનો ઉપયોગ આપણે એકબીજા સાથે પ્રત્યાયન કરવામાં કરીએ છીએ.''

**- NCERT (2006)**

**ભાષાનાં લક્ષણો :** ઉપર્યુક્ત વ્યાખ્યાઓનું વિશ્લેષણ કરતાં આપણને ભાષાનાં મૂળભૂત ત્રણ લક્ષણો જોવા મળે છે :

**(I) પ્રતીકોની ઉપસ્થિતિ :** ભાષાનું પ્રથમ લક્ષણ એ છે કે તેમાં પ્રતીકોનો ઉપયોગ થાય છે. પ્રતીક એ કોઈ વસ્તુ કે વ્યક્તિને દર્શાવે છે. દા.ત., જ્યાં તમે રહો છો તેને 'ઘર' કહે છે, એ સ્થળ જ્યાં તમે ભણો છો તેને 'શાળા' કહે છે, જે વસ્તુઓ આપણે ખાઈએ છીએ તેને 'ભોજન' કહે છે. ઘર, શાળા, ભોજન અને તેના જેવા અસંખ્ય શબ્દોને પોતાનો કોઈ અર્થ નથી; પરંતુ જ્યારે આ શબ્દોને અમુક વસ્તુઓ કે ઘટનાઓ સાથે જોડવામાં આવે છે ત્યારે તે કોઈ અર્થ ધારણ કરે છે અને આપણે તે વસ્તુઓ કે ઘટનાઓ વગેરેને વિશિષ્ટ શબ્દો (પ્રતીકો) વડે ઓળખવા લાગીએ છીએ. વિચારતી વખતે આપણે આવાં પ્રતીકોનો ઉપયોગ કરીએ છીએ.

**(II) નિયમોનો સમૂહ :** ભાષાનું બીજું લક્ષણ એ છે કે તેમાં પ્રતીકોને સંગઠિત કરવા માટે અમુક નિયમો કે નિયમોનો સમૂહ હોય છે. બે કે બેથી વધુ શબ્દોને જોડતી વખતે આપણે શબ્દોની રજૂઆત માટે એક નિશ્ચિત અને સ્વીકૃત ક્રમને અનુસરીએ છીએ. દા.ત., તમે સામાન્ય રીતે એવું કહેશો કે 'હું શાળાએ જાઉં છું,' એવું નહિ કહો કે 'જાઉં છું શાળાએ હું'.

**(III) પ્રત્યાયન :** ભાષાનું ત્રીજું લક્ષણ એ છે કે તેનો ઉપયોગ આપણે આપણા વિચારો, યોજનાઓ, અભિપ્રાયો તથા લાગણીઓને બીજા સુધી પહોંચાડવા માટે કરીએ છીએ. આ પ્રત્યાયન (સંદેશવહન) લખીને, બોલીને કે હાવ-ભાવ દ્વારા થાય છે. હાવ-ભાવ દ્વારા કરવામાં આવતા પ્રત્યાયનને બિનશાબ્દિક પ્રત્યાયન કહે છે. બહેરાં-મૂંગાં બાળકો શારીરિક સંકેતો કે હાવ-ભાવ દ્વારા પ્રત્યાયન કરે છે. આવી 'શારીરિક સંકેત' ની ભાષા એ પણ ભાષાનું એક સ્વરૂપ છે.

## ભાષાનાં વિવિધ પાસાંઓ

ભાષાનાં અનેક પાસાં કે કક્ષાઓ છે : (1) ધ્વનિશાસ્ત્રીય પાસું (2) અર્થપૂર્ણ એકમનું પાસું (3) શબ્દ-સંયોજનનું પાસું (4) શબ્દાર્થશાસ્ત્રીય પાસું અને (5) સામાજિક સંદર્ભલક્ષી પાસું.

**(1) ધ્વનિશાસ્ત્રીય (Phonological) પાસું :** આમાં મૌખિક ભાષામાં વપરાતા વિવિધ મૂળભૂત ઉચ્ચારો કે ધ્વનિઓનું

વિશ્લેષણ થાય છે. વાણીના લઘુતમ એકમ (મૂળભૂત ઉચ્ચારો)ને ધ્વનિ એકમ (Phoneme) કહે છે. અંગ્રેજી ભાષામાં 36 થી 40 ધ્વનિ એકમો હોવાનો અંદાજ છે. મોટા ભાગની (સંસ્કૃત આધારિત) ભારતીય ભાષાઓમાં મૂળભૂત અ, આ, ઈ વગેરે 12 સ્વરો અને ક, ખ, ગ વગેરે 34 વ્યંજનોના અલગ-અલગ ઉચ્ચારો કે ધ્વનિઓ છે. 'રાત' અને 'વાત' એ શબ્દોમાં આરંભના ધ્વનિઓ (ર અને વ) જુદા જુદા છે પણ મધ્યનો (આ) અને અંતનો ધ્વનિ (ત) સરખો છે; જ્યારે 'વાત' અને 'વાઘ' માં આરંભના અને મધ્યના ધ્વનિ સરખા છે પણ છેવટનો ધ્વનિ (ત અને ઘ) જુદા છે, ધ્વનિઓને પોતાના અર્થ હોતા નથી. ધ્વનિઓને જોડવાના નિયમો દરેક ભાષામાં જુદા જુદા છે.

**(2) અર્થપૂર્ણ એકમ (Morphological)નું પાસું :** ધ્વનિઓનાં કેટલાંક જોડાણથી અર્થપૂર્ણ શબ્દ બને છે. દા.ત., બ + ત + ક = બતક. બીજાં કેટલાંક જોડાણોથી અર્થપૂર્ણ શબ્દ બનતા નથી, તેથી તેને અર્થહીન પદ કહે છે. દા.ત., બ + ફ + જ = બફજ (અર્થહીન પદ). ભાષાના નાનામાં નાના અર્થપૂર્ણ એકમને મોર્ફીમ (Morpheme) કહે છે. દા.ત., યુવાન એ મોર્ફીમ છે. તેને પ્રત્યયો લગાડવાથી બીજા શબ્દો બને છે. દા.ત., યુવાનો. આ શબ્દ એક જ છે પણ તેમાં બે મોર્ફીમ રહેલા છે : (1) યુવાન અને (2) કાનોમાત્રા. કાનોમાત્રા ઉમેરવાથી અર્થ બદલાય છે : યુવાનો - એક કરતાં વધારે યુવાન વ્યક્તિઓ (બહુવચન સૂચવાય છે.), દોડવું ક્રિયાપદ એક મોર્ફીમ છે. એવો બીજો મોર્ફીમ ઉમેરવાથી 'દોડે છે' એ વર્તમાન ક્રિયા સૂચવે છે. પણ 'શે' મોર્ફીમ ઉમેરવાથી 'દોડશે' એવા શબ્દ બને છે, જે ભવિષ્યની દોડવાની ક્રિયા સૂચવે છે. 'દોડ' મોર્ફીમમાં 'યો' જોડાક્ષર રૂપે ઉમેરવાથી 'દોડ્યો' એ શબ્દ બને છે, જે ભૂતકાળમાં થયેલી ક્રિયા સૂચવે છે. દરેક ભાષામાં મોર્ફીમની રચના અને સંયોજનો (જોડાણો) અંગે પોતાના નિયમો હોય છે. આવા નિયમોને અર્થપૂર્ણ એકમો અંગેના નિયમો (Morphological Rules) કહે છે. આવા નિયમોમાં પૂર્વંગો, ઉપસર્ગો અને બીજા પ્રત્યયોનો ઉપયોગ કરવાથી શબ્દના અર્થમાં કેવો ફેરફાર થાય તે દર્શાવાય છે.

આમ, કેટલાક શબ્દો એક મોર્ફીમના બનેલા હોય છે. દા.ત., 'પતંગ', પણ બીજા કેટલાક શબ્દો એકથી વધારે મોર્ફીમના બનેલા હોય છે. દા.ત. 'પતંગો'

**(3) શબ્દ-સંયોજન (Syntax)નું પાસું :** વ્યાકરણની દૃષ્ટિએ સ્વીકારી શકાય એવાં શબ્દસમૂહો અને વાક્યો રચવા માટે શબ્દોને કઈ રીતે જોડવા જોઈએ તેના નિયમોને શબ્દ-સંયોજન કહે છે. આમાં વાક્યો કે વાક્યનાં અંગો પર ધ્યાન અપાય છે. કેટલાક શબ્દોને એક જ સ્વીકૃત રીતે જોડી શકાતા હોય છે. તેમાં શબ્દોનો ક્રમ બદલી શકાતો નથી. દા.ત., 'જાનૈયાના હાથમાં ફટાકડા છે' એ સાચું વાક્ય છે; પણ 'ફટાકડાના હાથમાં જાનૈયા છે' એવું ન કહેવાય. શબ્દોને ખોટા ક્રમમાં જોડવાથી અનર્થ થઈ જાય. પણ બીજા કેટલાક શબ્દોને એક કરતાં વધારે સ્વીકૃત રીતે જોડી શકાતા હોય છે. દા.ત., 'ગગન, છગન અને મગનના છાપરે લગન છે' આ જ વાતને આ ત્રણ વ્યક્તિઓનાં નામોને જુદા જુદા ક્રમમાં ગોઠવીને પણ રજૂ કરી શકાય છે : છગન, ગગન અને મગનના છાપરે લગન છે.

ભાષાશાસ્ત્રીઓ અને મનોવૈજ્ઞાનિકોએ મળીને વ્યાકરણની દૃષ્ટિએ સાચાં પડે એવાં અસંખ્ય વાક્યો બનાવવા માટેના નિયમો આપ્યા છે. શબ્દોનું સંયોજન કઈ રીતે કરવાથી સમજાય એવાં વાક્યો બને એના નિયમોના સમૂહને વ્યાકરણ કહે છે. ભાષાના ઉપયોગનાં માનસિક પાસાનો અભ્યાસ મનોભાષાશાસ્ત્ર (Psycholinguistics)માં થાય છે.

**(4) શબ્દાર્થશાસ્ત્રીય (Semantics) પાસું :** આ વિજ્ઞાન શબ્દો અને વાક્યોના પરિચ્છેદોના અર્થોનો અભ્યાસ કરે છે. એ માત્ર છૂટા છૂટા શબ્દોનો અર્થ જ નહિ, પણ શબ્દોને વાક્યમાં જોડ્યા પછી ઉપજતો સમગ્ર અર્થ પણ તપાસે છે. દા.ત., 'કલ્યાણ અને કેદારે આવવું' એ વાક્યનો અર્થ એ બંને જણે આવવું એવો થાય. જ્યારે 'કલ્યાણ અથવા કેદારે આવવું' એ વાક્યનો અર્થ એ બેમાંથી એકે જ આવવું એવો થાય. આ બે વાક્યો વચ્ચે માત્ર અને/અથવા શબ્દો જુદા છે. બાકીના શબ્દો સરખા છે તો પણ વાક્યનો સમગ્ર અર્થ બદલાઈ જાય છે.

**(5) સામાજિકશાસ્ત્ર સંદર્ભલક્ષી (Pragmatics) પાસું :** સામાજિક સંદર્ભ સાથે બંધ બેસે એ રીતે ભાષામાં જરૂરી પરિવર્તન કરવાના નિયમો અહીં આપવામાં આવે છે. જુદી જુદી વ્યક્તિઓ સાથે અને જુદા જુદા સંજોગોમાં ભાષાનો ઉપયોગ જુદી જુદી રીતે કરવાનો રહે છે. દા.ત., વડીલ મોભાદાર વ્યક્તિને વિનંતિ કે સૂચન કરી શકાય, આદેશ આપી શકાય નહિ. સમજદાર વ્યક્તિને હળવી ટકોર કરવી પૂરતી છે પણ જડ કે જિદ્દી વ્યક્તિને ચેતવણી કે ધમકી જ આપવી પડે. મદદ લેનાર વ્યક્તિને સૂચના આપવાની હોય મદદ આપનાર વ્યક્તિનો આભાર માનવો જોઈએ.

**વાણીવિકાસ**

ભાષા એક જટિલ તંત્ર છે; જે માત્ર મનુષ્યમાં જોવા મળે છે. મનોવૈજ્ઞાનિકોએ ચિમ્પાન્ઝી, ડૉલ્ફિન, પોપટ વગેરેને સંકેતો કે ચિત્રોનો ઉપયોગ કરીને સાંકેતિક ભાષા શીખવવાનો પ્રયત્ન કર્યો છે, પરંતુ એવું જોવા મળ્યું કે પ્રાણીઓ દ્વારા શીખવામાં આવતી સાંકેતિક ભાષા કરતાં માનવીય ભાષાનું તંત્ર વધુ જટિલ, સર્જનાત્મક અને સહજ છે. બાળકમાં ભલે દુનિયાની કોઈ પણ ભાષાના સંપર્કમાં રહીને વાણીવિકાસ થતો હોય, પરંતુ આ વાણીવિકાસ અમુક ક્રમિક તબક્કાઓમાં થાય છે.

નવજાત અને નાનાં શિશુઓ વિવિધ પ્રકારના અવાજો કરતા હોય છે જે ધીમે-ધીમે શબ્દોમાં રૂપાંતરિત થતા જાય છે. રડવું એ નવજાત શિશુઓ દ્વારા ઉત્પન્ન પ્રથમ ધ્વનિ કે અવાજ છે. શરૂઆતમાં નવજાત શિશુઓ વિભિન્ન પરિસ્થિતિઓમાં એકસરખું જ રડે છે અને ધીમે-ધીમે રડવાના સ્વરની તીવ્રતામાં ઉતાર-ચડાવના આધારે શિશુ ભૂખ, પીડા, એકલતા વગેરેને અલગ-અલગ રીતે રડવાના અવાજો દ્વારા દર્શાવે છે. શિશુ આનંદને અભિવ્યક્ત કરવા માટે 'આ... અ... અ...', ઉ... અ... અ...' જેવા અવાજો કિકિયારીઓ અને કિલકિલાટ સાથે કરે છે.

છ માસની આસપાસની ઉંમરમાં બાળક 'બડબડાટ અવસ્થા' (babbling stage)માં પહોંચે છે. આ બડબડાટમાં બાળક લાંબા સમય સુધી વિભિન્ન પ્રકારના સ્વરો અને વ્યંજનોને લગતા અવાજો વારંવાર કરતું રહે છે. જેમકે હા... આ... બા... મા... વગેરે. લગભગ નવ મહિનાની ઉંમર થતાં આ અસ્પષ્ટ અવાજોના સંયોજન શરૂ થાય છે. જેમકે દા..દા..દા..દા અને પોતે જ બોલેલા અવાજોનું અનુકરણ કરતાં હોય તેમ તેનું પુનરાવર્તન કરે છે. આવા પુનરાવર્તનને શબ્દ-અનુકરણ કહે છે. અહીં શરૂઆતમાં બાળક કોઈ હેતુ વગર આકસ્મિક રીતે બડબડાટ કરતું હોય છે; પરંતુ આગળ જતાં તે મોટેરાઓનું અનુકરણ કરે છે અને એકાક્ષરી શબ્દો બોલવાની શરૂઆત થાય છે.

જ્યારે બાળક છ મહિનાનું થાય છે તો તે અમુક શબ્દો પ્રત્યે થોડીઘણી સમજણ પ્રદર્શિત કરે છે અને તેનો પ્રથમ જન્મ દિવસ આવતાં-અવતાં તો, તે એકાક્ષરી શબ્દ પણ બોલતાં શીખી જાય છે. બાળક જે પ્રથમ શબ્દ બોલે છે તે એક અક્ષરનો હોય છે. દા.ત., મા, દા, બા, પા વગેરે આ એક શબ્દના આધારે જ તે એકથી વધુ શબ્દોના ઉપયોગ તરફ આગળ વધે છે અને આગળ જતા તેમાંથી નાનું વાક્ય પણ બનાવી શકે છે.

બાળક જ્યારે 18-20 મહિનાનું થાય છે ત્યારે બે શબ્દો ભેગા કરીને બોલવાનું શરૂ કરે છે. આ અવસ્થામાં બાળક 'ટૂંકા સંદેશાઓ' ની વાણી બોલે છે. (જેમકે 'પત્ર મળ્યો, સારું છે, પૈસા મોકલો, જલદી આવો, ગુડ મોર્નિંગ વગેરે. આજકાલ SMSમાં અને ભૂતકાળમાં તાર (telegraph)માં વપરાતી ટૂંકી વાણી છે.) બે શબ્દોની વાણી દ્વારા તે મોટા ભાગે અમુક ક્રિયાઓની અભિવ્યક્તિ કરે છે. દા.ત., બાબા જા, બા ભૂ, કૂકૂ જા વગેરે. અઢી વર્ષની ઉંમર બાદ બાળક લાંબાં અર્થયુક્ત વાક્યો બોલતા શીખવાનું શરૂ કરે છે અને ત્રણ વર્ષની ઉંમર સુધીમાં તો તે વડીલો પાસેથી સાંભળી-સાંભળીને ભાષાને ગ્રહણ કરી ભાષા શીખતું થઈ જાય છે.

**(I) વાણીવિકાસના સિદ્ધાંતો :** આપણે ભાષા કઈ રીતે શીખીએ છીએ ? તે બાબત મનોવૈજ્ઞાનિકોએ પોતાના સિદ્ધાંતો દ્વારા સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. અન્ય મનોવૈજ્ઞાનિક પ્રશ્નોની જેમ અહીં પણ મનોવૈજ્ઞાનિકો વચ્ચે મતભેદ જોવા મળે છે. મોટા ભાગના આધુનિક મનોવૈજ્ઞાનિકો વાણી કે ભાષાના વિકાસમાં વારસો અને વાતાવરણ બંનેનાં પરિબળોને મહત્ત્વના ગણે છે. અહીં આપણે સ્કિનર અને ચોમસ્કીના સિદ્ધાંતનો ટૂંક પરિચય મેળવીશું.

**વાતાવરણ સિદ્ધાંત :** વર્તનવાદી બી. એફ. સ્કિનરનું માનવું હતું કે આપણે ભાષાને એ રીતે શીખીએ છીએ જે રીતે ઉંદર હાથો દબાવીને ખોરાક મેળવવાનું શીખે છે. વર્તનવાદીઓના મત મુજબ ભાષાનો વિકાસ શિક્ષણના સિદ્ધાંતો પર આધારિત છે. જેમકે બોટલને જોઈને બાળક તેની સાથે 'બોટલ' શબ્દને જોડે છે (સાહચર્ય), વડીલો દ્વારા ઉપયોગમાં લેવાતા 'બોટલ' શબ્દનું બાળક પણ બોલવામાં અનુકરણ કરે છે (અનુકરણ) અને બાળક જ્યારે 'બોટલ' શબ્દ સાચો બોલે છે ત્યારે માતા-પિતા હસે છે, બાળકને ભેટે છે (પ્રબલન). આપણે જાણીએ છીએ કે બાળકની ભાષા બોલવાની લઢણ તેનાં માતા-પિતા કે ઘરના સભ્યો જેવી હોય છે. આ બધું ઘરમાં બાળકને મળતાં વાતાવરણ અને પ્રોત્સાહન પર નિર્ભર કરે છે અને એટલે જ ભાષાના ઉચ્ચારણ અને ભાષાશૈલીમાં પ્રદેશ પ્રમાણે ભિન્નતા જોવા મળે છે.

**જન્મજાત (સહજ) સિદ્ધાંત :** ભાષાશાસ્ત્રી નોઆમ ચોમસ્કીના મતે માનવી ભાષા શીખવાની અને તેના ઉપયોગની અસાધારણ શક્તિ જન્મથી લઈને જ આવે છે. કોઈ પણ પ્રકારના શાળાકીય શિક્ષણ વગર બાળક જે રીતે શબ્દો તથા વ્યાકરણને શીખે છે તેની સમજૂતી માત્ર 'શિક્ષણના સિદ્ધાંતો'ના આધારે ન આપી શકાય. બાળકો એવાં વાક્યો પણ બોલે છે જે તેણે ક્યારેય સાંભળ્યાં નથી. આથી ભાષા શીખવામાં બાળક અનુકરણ કરે છે તેવું ન કહી શકાય. તેના મત મુજબ સમગ્ર દુનિયાનાં બાળકોમાં ભાષાવિકાસ માટે એક વિશેષ 'સંક્રાંતિ કાળ' હોય છે અને આ સમયગાળામાં જો તે સફળ રીતે ભાષા શીખે તો વાણીવિકાસ થશે જ. ભાષાવિકાસ એ શારીરિક પરિપક્વતા જેવો છે. જે રીતે બાળકની સારી દેખભાળ રાખવાથી તંદુરસ્ત શારીરિક વિકાસ થાય છે એ રીતે જ યોગ્ય દેખભાળથી બાળકમાં સ્વયંસંચાલિત રીતે ભાષાવિકાસ થાય છે. તેના મત મુજબ બાળકો 'સર્વભાષા વ્યાકરણ' શીખવાની ક્ષમતા સાથે જન્મે છે અને તે કોઈ ભાષાને સાંભળીને જ તેના વ્યાકરણને સરળતાથી શીખી લે છે.

સ્કિનર તથા ચોમસ્કી એમ બંનેના મતનો સારાંશ એ છે કે, સ્કિનરનું 'શિક્ષણના સિદ્ધાંતો' પર ભાર આપવું એ બાબત સ્પષ્ટ કરે છે કે, બાળક કઈ રીતે સાંભળેલી ભાષાને શીખી લે છે અને તે પોતાના શબ્દભંડોળમાં કઈ રીતે નવા શબ્દો ઉમેરતું જાય છે. જ્યારે ચોમસ્કીનું બાળકની વ્યાકરણ શીખવાની જન્મજાત શક્તિ પર ભાર આપવાની બાબત એ સ્પષ્ટ કરે છે કે કઈ રીતે બાળકો કોઈ પણ પ્રકારના શાળાકીય શિક્ષણ વગર આટલી સરળતાથી ભાષાને શીખી લે છે.

**(II) બોલવાની ક્રિયા અને વાણીની ભૂલો :** સામાન્ય રીતે આપણે અન્ય વ્યક્તિને ઉદ્દેશીને બોલીએ છીએ. બોલવું સામાજિક પ્રવૃત્તિ છે. તેથી સફળ પ્રત્યાયન કરવા માટે (સંદેશો અસરકારક બને એ માટે) વક્તા અને શ્રોતા વચ્ચે સહકાર જરૂરી છે.

બોલવાની ક્રિયામાં વિવિધ કૌશલ્યોનો સમાવેશ થાય છે :

(1) શું કહેવું છે તે સ્પષ્ટ વિચારવું.

(2) એ વિચારને વ્યક્ત કરવા માટે સૌથી યોગ્ય શબ્દો પસંદ કરવા.

(3) વ્યાકરણની દૃષ્ટિએ એ શબ્દોને યોગ્ય ક્રમમાં, યોગ્ય રીતે જોડવા.

(4) વાક્યનું ઉચ્ચારણ સ્પષ્ટ સંભળાય એ રીતે, યોગ્ય શબ્દ પર ભાર મૂકી, યોગ્ય આરોહ-અવરોહ સાથે મધ્યમ ઝડપે બોલવું.

(5) શબ્દસમૂહ બોલ્યા પછી થોડો વિરામ લેવો, જેને લીધે શ્રોતા અર્થ સમજી શકે અને વક્તાને પછીનો વિચાર ગોઠવવાનો સમય મળે.

**વાણીની ભૂલો :** ભાષાની ખામી અને વાણીની ભૂલોથી અસરકારક પ્રત્યાયનમાં ક્ષતિઓ ઊપજે છે. અસરકારક ભાષાના સર્જનમાં વાણીની ભૂલો અવરોધો ઉપજાવે છે. વિવિધ ભૂલો નીચે પ્રમાણે છે :

**(1) અયોગ્ય શબ્દ-પસંદગી :** ચોક્કસ અર્થ દર્શાવે એવા શબ્દને બદલે લગભગ મળતો આવતો બીજો શબ્દ વાપરવો. દા.ત., ''ગાંધીસાહેબ પોતાનો સમય બગાડીને અહીં આવ્યા એ માટે એમનો આભાર.'' (સાચો શબ્દ : ફાળવીને)

**(2) મિશ્રણ :** બે વાક્યોના શબ્દોને એક જ વાક્યમાં ભેળવવા. દા.ત., ''હાથી ડોલે છે અને કોયલ કૂંજે છે.'' એમ બોલવાને બદલે 'હાથી કૂંજે છે' એમ બોલવું.

**(3) શબ્દની અદલાબદલી :** દા.ત., 'એક નૂર આદમી, હજાર નૂર કપડાં.'' ને બદલે 'હજાર નૂર આદમી, એક નૂર કપડાં.'

**(4) મોર્ફીમનું સ્થળાંતર :** દા.ત., 'રાજદૂતો વિવેકશીલ છે' ને બદલે 'વિવેકદૂતો રાજશીલ છે' એમ કહેવું.

**(5) સ્પૂનરીઝમ :** શબ્દોના આરંભના એક-બે અક્ષરોની અદલાબદલી : 'પ્રભુજી, તુમ રાખો લાજ હમારી' ને બદલે 'પ્રભુજી, તુમ લાખો રાજ હમારી' એમ બોલવાની ભૂલ. ભાષાના સર્જનમાં આવી ભૂલોને ટાળવી જોઈએ.

**ભાષા અને વિચાર વચ્ચેનો સંબંધ**

આપણે આગળ જોઈ ગયા કે આપણે જે વિચારીએ છીએ તેની અભિવ્યક્તિ માટે ભાષા જરૂરી છે. હવે પ્રશ્ન એ થાય છે કે (I) શું ભાષા વિચારને ઘડે છે ? (II) શું વિચાર ભાષાને ઘડે છે ? કે પછી (III) શું બન્નેનો વિકાસ સ્વતંત્ર રીતે થાય છે ? તો ચાલો આ ત્રણેય બાબતને વિસ્તારથી સમજીએ.

**(I) ભાષા વિચારને ઘડે છે :** બેન્જામિન લી વ્હોર્ફનો મત છે કે ભાષા વિચારના વિષય-વસ્તુને નક્કી કરે છે. એટલે કે વ્યક્તિ શું વિચારશે અને કઈ રીતે વિચારશે તે સામાન્ય રીતે તેના દ્વારા ઉપયોગમાં લેવાતી ભાષા પર નિર્ભર કરે છે. આ દૃષ્ટિકોણને **ભાષાકીય સાપેક્ષતાની ઉત્કલ્પના (Linguistic Relativity Hypothesis)** કહે છે. વ્યક્તિ જે ભાષાનો ઉપયોગ કરે છે એ ભાષામાં આવતા વર્ગીકરણો વ્યક્તિના વિચારના વિષયો અને વિચારવાની પદ્ધતિ પર અસર કરે છે. દા.ત. ભારતીય ભાષાઓમાં નજીકના સગપણની વિવિધતા દર્શાવવા માટે અલગ-અલગ શબ્દો છે. જેમ કે પિતાના નાના ભાઈ એટલે કાકા, માતાના ભાઈ એટલે મામા, પિતાની બહેન એટલે ફોઈ, માતાની બહેન એટલે માસી. જ્યારે અંગ્રેજી ભાષામાં આવા સગપણો માટે અંકલ અને આન્ટી એ બે શબ્દો જ વપરાય છે.

**(II) વિચાર ભાષાને ઘડે છે :** પ્રખ્યાત સ્વિસ મનોવૈજ્ઞાનિક જીન પિયાજેનું માનવું છે કે વિચાર ભાષા પહેલાં ઉદ્‌ભવે છે અને ભાષાના શબ્દો પર અસર કરે છે, એટલે કે વિચારના ઉદ્‌ભવ માટે ભાષા જરૂરી નથી. શબ્દોના અર્થ સમજવા માટે પણ પહેલાં વિચાર કરવો જરૂરી છે. પિયાજે દલીલ કરે છે કે બાળકો આ દુનિયાનું આંતરિક નિરૂપણ વિચારણાના માધ્યમથી જ કરે છે. દા.ત. જ્યારે બાળક કંઈક જુએ છે અને તેની નકલ કરે છે ત્યારે વિચારણાની પ્રક્રિયા કે જેમાં ભાષા રહેલી હોતી નથી તે અવશ્ય ઉદ્‌ભવે છે. બાળક દ્વારા બીજાના વર્તનનું નિરીક્ષણ કરવામાં અને તે વર્તનનું અનુકરણ કરવામાં વિચારણાનો જ ઉપયોગ થાય છે ભાષાનો નહીં. તેમાં કોઈ શંકા નથી. વિચારણાના સાધનોમાં ભાષા માત્ર એક સાધન છે; પરંતુ તે વિચારના ઉદ્‌ભવવા માટે જરૂરી નથી. પિયાજેનું એમ માનવું હતું કે ભાષા બાળકોને શીખવી શકાય છે; પરંતુ શબ્દોને સમજવા માટે વિચાર જરૂરી છે. આમ, ભાષાને સમજવા માટે વિચાર એ પાયાનું અને જરૂરી તત્ત્વ છે.

**(III) ભાષા અને વિચારના ઉદ્‌ગમો જુદા જુદા હોય છે :** રશિયન મનોવૈજ્ઞાનિક લેવ વાયોગોત્સકીનું માનવું છે કે, બાળકમાં ભાષા અને વિચારનો ઉદ્‌ભવ અને વિકાસ સ્વતંત્ર રીતે અને અલગ-અલગ થાય છે અને બે વર્ષની ઉંમર સુધીમાં બન્ને એકબીજા સાથે ભળી જાય છે. બે વર્ષની ઉંમર પહેલાં બાળકમાં વિચાર એ પૂર્વ-શાબ્દિક (Preverbal) બાબત હોય છે અને વિચારનો અનુભવ અને અભિવ્યક્તિ શબ્દો કરતાં ક્રિયાઓમાં થાય છે. જેમ કે બાળક પીડાને રડીને અભિવ્યક્ત કરે છે. લગભગ બે વર્ષની ઉંમર સુધીમાં બાળક પોતાના વિચારને શાબ્દિક રીતે અભિવ્યક્ત કરતું થઈ જાય છે અને તેની વાણીમાં તાર્કિકતા ઝળકે છે. વાયોગોત્સકીનું માનવું હતું કે, બે વર્ષની ઉંમર બાદ ભાષા અને વિચારનો વિકાસ એકબીજાથી સ્વતંત્ર ન રહેતાં એકબીજા પર આધારિત થઈ જાય છે.

**પ્રત્યાયન (Communication)**

'પ્રત્યાયન એટલે સંકેતોને કે સંદેશાઓને મોકલવાની અને ઝીલવાની પ્રક્રિયા.'

'પ્રત્યાયન એટલે એક સ્થાનથી બીજા સ્થાન સુધી વિચારનું કે અર્થનું સંક્રમણ કરવામાં કે સમજવામાં સાધનરૂપ બનતી ક્રિયા.'

પ્રત્યાયન વડે આપણે કોઈ વ્યક્તિ કે જૂથ સાથે સામાન્યતા સ્થાપવા માગીએ છીએ; આપણા વિચારો, માહિતી, લાગણી કે મનોવલણો વહેંચવાનો પ્રયત્ન કરીએ છીએ.


પ્રત્યાયનમાં ઓછામાં ઓછો એક પ્રેષક (સંદેશો મોકલનાર વ્યક્તિ) અને એક ગ્રાહક (સંદેશો ઝીલનાર વ્યક્તિ) હોય છે. વક્તા-શ્રોતા, લેખક-વાચક, પ્રદર્શક-દર્શક ઓછામાં ઓછા એ સંદેશા પૂરતા માનસિક રીતે જોડાયા હોય છે. કેટલાંક પ્રત્યાયનો માહિતીલક્ષી હોય છે, બીજાં કેટલાંક મનોરંજક હોય છે. ટેક્નોલોજીના વિકાસ સાથે ફેક્સ, ઈ-મેલ, વૉઈસ મેલ, એસ.એમ.એસ. જેવા પ્રત્યાયનના નવા માર્ગો હવે પ્રાપ્ત થયા છે. સારા પ્રત્યાયનનું ધ્યેય, એક પક્ષ (વ્યક્તિ)થી વિચાર કે અર્થ એ જ રૂપમાં બીજા પક્ષ (વ્યક્તિ)ના મનમાં પહોંચાડવાનું છે.

પ્રત્યાયનમાં સંદેશાનો પ્રવાહ સરળ રીતે વહે તો અસરકારક ગણાય; એમાં અવરોધો આવે તો વ્યક્તિઓ વચ્ચે ગેરસમજને પરિણામે હાનિ થાય છે.

પ્રત્યાયનના પ્રતિમાન (મૉડેલ)માં તેના સાત તબક્કા ગણાવ્યા છે.

**કોષ્ટક 7.1**

**પ્રત્યાયનના તબક્કાનું પ્રતિમાન**




સંદેશાની શરૂઆત કે પહેલ કરનાર વ્યક્તિને વિચાર ઉદ્‌ભવે છે; એ વિચાર અન્યને પહોંચાડવાનો આશય એનામાં ઊભો થાય છે. દા.ત., વેપારી ગ્રાહકને મોંઘો સાબુ વેચવા માંગે છે. તે પોતે અથવા બીજી વ્યક્તિની મદદથી સંદેશો મોકલે છે. દા.ત., 'આ સાબુ ચામડીનું પોષણ કરશે.' વિચારને યોગ્ય સંકેતોમાં (શબ્દોમાં, મુખભાવ વડે કે અન્ય રીતે) ઢાળે છે. તે પોતાના આશય અને કૌશલ્ય, સંદેશાનું સ્વરૂપ, ઝીલનારની વિશિષ્ટતા અને સંજોગો મુજબ મોકલવાની રીત કે માધ્યમ પસંદ કરે છે. દા.ત., તે મહિલા ગ્રાહકને કહે છે : ''આ સાબુ ખાસ તમારા માટે બનાવવામાં આવ્યો છે.'' એ જ રીતે જો શ્રોતાઓ ગુજરાતીભાષી હશે, તો વક્તા 'કૂતરા ઉપર સસલું આવ્યું' એમ ગુજરાતી ભાષાના સંકેતોનો ઉપયોગ કરશે; પણ જો શ્રોતાઓ હિંદીભાષી હશે, તો વક્તા 'કુત્તે પે સસ્સા આયા' એમ હિન્દી ભાષાના સંકેતો વાપરશે. જો બાકીના લોકોને સંદેશાની જાણ ન કરવી હોય, તો બે જણા એકબીજાના કાનમાં ગુસપુસ કરશે. જો સંદેશો ગ્રામીણોના મોટા ટોળાને આપવાનો હોય, તો વક્તા ગામડાંમાં વપરાતી બોલીમાં, મોટા ઘાંટા પાડીને સંદેશો આપશે. જાસૂસો પરદેશમાં થતી રાજકીય હિલચાલો અંગેની માહિતી, પોતાના દેશમાં ગુપ્ત રીતે પહોંચાડવા માટે ખાસ ગુપ્ત સંકેતોનો ઉપયોગ કરે છે. સંકેતોમાં ઢાળેલો સંદેશો મૌખિક ઉચ્ચારણના માધ્યમ વડે, લેખિત માધ્યમના સ્વરૂપમાં કે અન્ય રીતે મોકલવામાં આવે છે. સંદેશાના વહનના માધ્યમને 'પ્રણાલી' (Channel) પણ કહેવામાં આવે છે. પ્રણાલીની પસંદગી સંદેશ મોકલનાર (પ્રેષક) નક્કી કરે છે. વ્યક્તિગત સંદેશ માટે મોટે ભાગે મુલાકાત અને અનૌપચારિક વાતચીતનો ઉપયોગ થાય છે. સંસ્થાઓમાં ઔપચારિક સંદેશાઓ પત્ર, પરિપત્ર, નોટિસ બોર્ડની સૂચનાઓ, છાપેલું માહિતી અને સૂચનાપત્રક વગેરે માધ્યમો દ્વારા અપાય છે. મોટી જનસંખ્યાને સંદેશો પહોંચાડવા માટે માધ્યમ તરીકે ભીંત ઉપરનાં લખાણો, પોસ્ટરો અને વર્તમાનપત્રોની જાહેરાતો કે પ્રેસનોટનો ઉપયોગ થાય છે. અર્થપૂર્ણ સંદેશો ગ્રાહક (Receiver)ને પહોંચે તે પહેલાં એમાં વપરાયેલાં પ્રતીકોનું વિસંકેતન (Decoding) થવું જોઈએ, જેથી એનો અર્થ સમજાય. દા.ત., ટૂથપેસ્ટમાં 'ફ્લોરાઇડ' છે. એવી જાહેરાત વાંચ્યા પછી એ 'ફ્લોરાઇડ' શું છે તેનો અર્થ અને મહત્ત્વ સંતોષકારક રીતે સમજાય એ જરૂરી છે. 'ફ્લોરાઇડ' એ સંકેતનું રહસ્ય ખુલે નહિ ત્યાં સુધી તે 'માણસ' છે 'પ્રાણી' છે કે 'જડ પદાર્થ' છે તે સમજાય નહિ. 'ફ્લોરાઇડ' નો અર્થ કે તેની અસર ન સમજાય તો ''મારે આ ટૂથપેસ્ટ શા માટે લેવી ?'' એવો પ્રશ્ન ઊભો જ રહે. ગ્રાહકોનું ધ્યાન, તેનું સામાન્ય જ્ઞાન, બુદ્ધિ, કૌશલ્યો અને અનુકૂળ મનોવલણો તેને અર્થ સમજવામાં ઉપયોગી બને છે.

મોટે ભાગે સંદેશો મળ્યા પછી કે તે સમજ્યા પછી, તેને ઝીલનાર વ્યક્તિ વિશિષ્ટ વર્તન કે પ્રતિભાવ આપે છે તેને પ્રતિપુષ્ટિ કહેવાય. દા.ત., પ્રેષક તરફ ધ્યાન આપે, ડોકું ધુણાવે, તાળીઓ પાડે, અગત્યના સંદેશા વખતે ગંભીર બને અને

રમૂજ સાંભળીને હસવા માંડે વગેરે. શાયરીના શ્રોતાઓ 'જીયો જીયો' બોલી ઊઠે, કે ગુજરાતી નાટકના પ્રેક્ષકો કોઈ સંવાદ કે ગીતને 'વન્સ મૉર' આપે વગેરેને પ્રતિપુષ્ટિ કહેવામાં આવે છે. પ્રતિપુષ્ટિ દર્શાવે છે કે સંદેશ મોકલનાર (Sender) સંદેશો આપવામાં કેટલો સફળ થયો છે.

**પ્રત્યાયન-પ્રક્રિયાનાં લક્ષણો :** પ્રત્યાયનનાં મુખ્ય ચાર લક્ષણો છે : (1) ગતિશીલતા (2) જટિલતા (3) તંત્રનું સ્વરૂપ અને (4) કારણ-કાર્ય સ્વરૂપ

**(1) ગતિશીલતા :** પ્રત્યાયનો ગતિશીલ (પ્રવાહી) હોય છે. એટલે કે સંદેશાઓ કે તેના અર્થો સતત બદલાતા રહે છે. સમાચારોમાં, પ્રચારની ઝૂંબેશમાં કે જાહેરખબરોમાં કંઈક નવું નવું આવતું જ રહે છે. સંદેશા એ જ હોય, પણ નવા શ્રોતાને જુદી રીતે લાગુ પડે છે. બાળકને 'દોડદોડ ન કર' એમ કહીએ ત્યારે તેને ઈજા-અકસ્માતથી બચવાનો અર્થ હોય છે. પણ પ્રૌઢ વ્યક્તિને 'દોડાદોડ ન કરો' કહીએ ત્યારે તેને તનાવ અને ચિંતાથી બચવાનું સૂચન હોય છે.

**(2) જટિલતા :** પ્રત્યાયન જટિલ પ્રક્રિયા છે. કેમકે તેના ઉપર સંદેશો મોકલનાર, મોકલવાની રીત, સંદેશાનો વિષય, વાતાવરણ અને સંદેશો ઝીલનારનાં લક્ષણોની ભેગી અસર પડે છે. આ પાંચેય ઘટકો અનુકૂળ હોય ત્યારે પ્રત્યાયન સફળ થાય.

**(3) તંત્રનું સ્વરૂપ :** પ્રત્યાયન તંત્રલક્ષી છે, એટલે કે પ્રત્યાયન ઉપર વિવિધ પરિબળોની અસર છૂટી છૂટી રહેતી નથી પણ એ અસરોની આંતરક્રિયા થતી રહે છે.

**(4) કારણ-કાર્ય સ્વરૂપ :** પ્રત્યાયન કારણરૂપ તેમજ પરિણામરૂપ હોય છે. દા.ત., યુવાન પોતાના પિતાને કહે છે : ''મારે નોકરીએ નથી જવું'' આ સંદેશાનું કારણ છે : ઉપરીએ બધાંની હાજરીમાં મારું અપમાન કર્યું. આ વાત જાણતાં, યુવાનના પિતા ઉપર તેની અસર થાય છે. તેથી પિતા યુવાનને સમજાવે છે : 'શરૂઆતમાં તો બધાંએ ઠપકો સાંભળવો પડે. એમાંથી જ શીખવા મળે.' આમ પ્રત્યાયનમાં કારણ-અસરનું ચક્ર ચાલતું રહે છે.

**પ્રત્યાયનના પ્રકારો**

**શાબ્દિક અને અશાબ્દિક પ્રત્યાયન :** જે પ્રત્યાયનમાં ભાષાના મૌખિક કે લેખિત સંકેતોનો મુખ્યત્વે ઉપયોગ થાય છે એને શાબ્દિક પ્રત્યાયન કહે છે. એમાં અક્ષરો, વિરામચિ્ાી, અન્ય લેખિતચિ્ાી, આંકડા વગેરેનો ઉપયોગ થાય છે.

જે પ્રત્યાયનમાં ભાષાના સંકેતોનો નહિ પણ અન્ય સંકેતોનો ઉપયોગ થાય છે એને અશાબ્દિક પ્રત્યાયન કહે છે. એમાં ચહેરાના હાવભાવો (કપાળ, આંખ, નાક, ગાલ, મોં વગેરે), શરીરનાં અંગોની સ્થિતિ (ટટ્ટાર કે વળી ગયેલાં) હાથ, પગ, માથું કે ધડનું હલન-ચલન, આંખનો સંપર્ક તેમજ પ્રેષક અને ગ્રાહક વચ્ચેના ભૌતિક અંતરનો સમાવેશ થાય છે.

**શાબ્દિક** પ્રત્યાયનમાં સંદેશાના શબ્દોની પસંદગી ઉપરાંત તેના ઉચ્ચારણની તીવ્રતા (લેખિત હોય તો અક્ષરોનું કદ), અવાજના આરોહ-અવરોહ, વચ્ચે વચ્ચે વિરામ (થોભવું) વગેરેની પણ અસર થાય છે. સામાન્ય રીતે તીણા અવાજો મતભેદ, વિરોધ, ગુસ્સો કે ફરિયાદ સૂચવે છે, જ્યારે નીચા (મંદ) અવાજો વિચારની સમાનતા, સમજણ અને સંતોષ દર્શાવે છે. આ બધી બાબતો, ઉચ્ચારેલા શબ્દોને જુદો જ અર્થ આપી શકે. કુશળ અભિનેતા માત્ર યોગ્ય શૈલીથી સંવાદ બોલીને જ શ્રોતાઓ સમક્ષ પાત્રના વિચાર લાગણી આબેહૂબ વ્યક્ત કરે છે.

**અશાબ્દિક** પ્રત્યાયનનું મહત્ત્વ અંગ્રેજી કહેવતમાં વ્યક્ત થયું છે : ક્રિયાઓ શબ્દો કરતાં પણ બુલંદ રીતે બોલે છે. અશાબ્દિક સંકેતોને શાબ્દિક સંકેતોથી સ્વતંત્ર રીતે વાપરી શકાય અથવા શાબ્દિકની સાથે સાથે પણ વાપરી શકાય. પણ સાથે સાથે વાપરતી વખતે શાબ્દિક અને અશાબ્દિક સંકેતોમાં સુસંગતતા રહેવી જોઈએ, નહિતર પ્રત્યાયન અસ્પષ્ટ અને ગુંચવાડાભર્યું બની જાય. દા.ત., 'તમને મળીને બહુ આનંદ થયો' એ શબ્દો બોલતી વખતે ચહેરો કરડો કે તુચ્છકારભર્યો હોય તો સાંભળનારને એ શબ્દો ખોટા છે અને સારી છાપ પાડવા માટે જ બોલાયા છે એમ જ લાગશે.

કેટલાક ચાળાઓ અને ચેષ્ટાઓ દર્શાવે છે કે, એ વ્યક્તિને સામી વ્યક્તિમાં રસ છે અને તેના પ્રત્યે ઉષ્મા અનુભવે છે; જ્યારે બીજા ચાળા અને ચેષ્ટાઓ એ વ્યક્તિની ચીડ, સૂગ કે તિરસ્કાર દર્શાવે છે. ચહેરા ઉપરનું કાયમનું સ્મિત અન્ય વ્યક્તિઓ પ્રત્યેની શુભ લાગણી દર્શાવી શકે. કરડો, ધૂંઆપૂંઆં થતો ચહેરો નિષેધક મનોવલણ સૂચવે છે. સામી વ્યક્તિ સાથે આંખનો સંપર્ક લાંબા સમય સુધી જાળવી રાખવાથી રસ અને મૈત્રી સૂચવાય છે. છત તરફ કે બારીની બહાર જોવાથી સામી

વ્યક્તિમાં નીરસતા કે તેની ઉપેક્ષાનું વલણ સૂચવાય છે. એ જ રીતે અન્ય વ્યક્તિની નજીક જવું, સામાન્ય રીતે, એના પ્રત્યેનું વિધાયક મનોવલણ સૂચવે છે. તો તેનાથી દૂર જવું કે દૂર રહેવું એ સામાન્ય રીતે તટસ્થતા કે નિષેધક ભાવ સૂચવે છે.

અશાબ્દિક પ્રત્યાયન ખૂબ મહત્ત્વનું હોવાથી તેનો 'શરીરની ભાષા' (Body language) તરીકે પણ અભ્યાસ થાય છે. દા.ત., હાથ હલાવવો કે વાંસો થાબડવો એ સંમતિ સૂચવે છે. અશાબ્દિક પ્રત્યાયનો વ્યક્તિના ગમા કે અણગમાનો સંકેત આપે છે. તે એ પણ દર્શાવે છે કે આ વ્યક્તિ સાથે પ્રત્યાયન કરી શકાશે કે આની સાથે નહિ કરી શકાય. ઉપરાંત, અશાબ્દિક પ્રત્યાયન જ્ઞાનેન્દ્રિયોના ઉદ્દીપનમાં વધારો કરે છે. ઉપરાંત તે બે વ્યક્તિ વચ્ચેના સંબંધો કેટલા ગાઢ છે તે પણ સૂચવે છે.

**પ્રત્યાયનમાં અવરોધો**

પ્રત્યાયનમાં ભાગ્યે જ આદર્શ પરિસ્થિતિમાં થતું હોય છે. મોટે ભાગે કોઈ ને કોઈ અવરોધો આવતા જ હોય છે. તેને જાણવાથી એને કાબૂમાં લેવાના માર્ગો અમલમાં મૂકી શકાય.

પ્રત્યાયનના લગભગ દરેક સોપાન (ઉદ્ભવ, પ્રેષક, સંકેતાંકન, સંદેશ, માધ્યમ, વિસંકેતન, ગ્રાહક અને પ્રતિપુષ્ટિ)માં અવરોધો આવી શકે, જે નીચે પ્રમાણે છે :

(1) પ્રેષકમાં સ્પષ્ટ સંદેશો મોકલવાની શક્તિ જ ન હોય. (અજ્ઞાન, ઓછી બુદ્ધિ)

(2) પ્રેષકમાં સ્પષ્ટ સંદેશો આપવાની મરજી કે દાનત જ ન હોય, તેને ગૂંચવાડો ઊભો કરવામાં જ રસ હોય.

(3) પ્રેષકની ભાષાની અભિવ્યક્તિ તદ્દન નબળી હોય.

(4) પ્રેષકની અને ગ્રાહકની માતૃભાષા જુદી જુદી હોય.

(5) પ્રેષક વારંવાર સંદેશાના મહત્ત્વના મુદ્દા ભૂલી જતો હોય.

(6) પ્રેષકે વાપરેલા શબ્દો અનેક અર્થવાળા હોય. દા.ત., ધવલ ભોજનમાં રસ લે છે. (રસ = રુચિ, રસ = કેરીનો રસ)

(7) પ્રેષકની ભાષા અઘરી, અપરિચિત હોય.

(8) ગ્રાહકમાં સંદેશો ઝીલવા માટેની શક્તિ કે મરજી ન હોય.

(9) ગ્રાહકના મર્યાદિત જ્ઞાનને લીધે તે સંદેશો બરોબર ગ્રહણ કરી ન શકે.

(10) ગ્રાહકની ધ્યાન આપવાની કે યાદ રાખવાની શક્તિ મર્યાદિત હોય.

(11) પ્રત્યાયન સમયે ગ્રાહક કોઈ બીજા કામમાં વ્યસ્ત (રોકાયેલો) હોય.

(12) પ્રત્યાયનમાં અતિશય માહિતી આપવાથી ગ્રાહક માહિતીના અતિશય બોજથી દબાઈ જાય.

(13) ગ્રાહકને પ્રેષકમાં અણગમો કે અવિશ્વાસ હોય : 'મારી સાસુએ એમ કહ્યું કે કોઢમાં દીવો મેલ, મેં ભોળીએ એમ જાણ્યું કે સોડમાં દીવો મેલ.' વહુને સાસુ તરફ અણગમો હોઈ 'કોઢમાં' ને બદલે 'સોડમાં' એમ ખોટું સાંભળે છે.

(14) ગ્રાહક પ્રત્યાયનના સમયે તીવ્ર આવેગથી ઉત્તેજિત થયો હોય.

(15) વાતાવરણમાં પુષ્કળ વિક્ષેપો હોય : ઘોંઘાટ, લોકોની સતત અવરજવર અતિશય ઊંચું કે નીચું તાપમાન વગેરે.

(16) પ્રેષક અને ગ્રાહક વચ્ચે ભૌતિક અંતર ઘણું વધારે હોય.

**પ્રત્યાયનનાં કૌશલ્યો**

અસરકારક પ્રત્યાયન કરવા માટે કેટલાંક સામાન્ય કૌશલ્યો પ્રેષક (સંદેશ મોકલનાર) અને ગ્રાહક (ઝીલનાર) બંનેએ વિકસાવવાં પડે છે, જે નીચે પ્રમાણે છે :

(1) દરેક પ્રત્યાયનને પોતાનો હેતુ હોવો જોઈએ. પ્રેષક ગ્રાહક બંનેએ પ્રત્યાયનને ધ્યેયલક્ષી બનાવવાની કુશળતા વિકસાવવી જોઈએ. દા.ત., જ્ઞાન આપવાનો હેતુ કે સામી વ્યક્તિને આનંદમાં રાખવાનો કે તેનો ઉત્સાહ વધારવાનો હેતુ.

(2) દરેક પ્રત્યાયન પાછળનો વિચાર સ્પષ્ટ હોવો જોઈએ. મનમાં જ ગૂંચવાડા હોય, ત્યારે પ્રત્યાયનની ગમે તેટલી યુક્તિઓ વાપરો તો નકામી નીવડે છે. સ્પષ્ટ વિચાર્યા વિના વકતૃત્વ સ્પર્ધામાં વિષયની તરફેણમાં બોલવાનો દાવો કરનાર વક્તા ઘણી વાર વિષયની વિરુદ્ધમાં બોલતો હોય છે !

(3) પ્રત્યાયનની પદ્ધતિ અને માધ્યમ પ્રેષક અને ગ્રાહક બંનેને અનુકૂળ પસંદ કરવી જોઈએ.

(4) એક કરતાં વધારે માધ્યમોનો એક સાથે ઉપયોગ કરીને પ્રત્યાયનને વધારે અસરકારક બનાવવું જોઈએ. સંદેશાનો વિષય અને ઝીલનારાનાં લક્ષણોને ધ્યાનમાં રાખીને યોગ્ય માધ્યમ પસંદ કરવાની કુશળતા વિકસાવવી જોઈએ. જટિલ વૈજ્ઞાનિક માહિતી લેખિત રૂપે, જ્યારે કૌટુંબિક માહિતી મૌખિક રૂપે અપાય તો વધારે અસરકારક બને.

(5) પ્રત્યાયનની રજૂઆત કંટાળાજનક ન હોવી જોઈએ. પ્રેષકે સંદેશો બને એટલો રસપ્રદ બનાવવો જોઈએ અને ગ્રાહકે સંદેશામાં રસ લઈને ધ્યાન આપવું જોઈએ. ગ્રાહકે અનુકૂળ કે પ્રતિકૂળ–ગમે તે પ્રકારના પ્રત્યાયન પ્રત્યે ખુલ્લું મન રાખી તેનું વસ્તુલક્ષી મૂલ્યાંકન કરવાનું કૌશલ્ય કેળવવું જોઈએ. ખાસ કરીને ગ્રાહકે શાબ્દિક તેમજ અશાબ્દિક બંને પ્રકારના સંકેતોને ધ્યાનમાં લેવા જોઈએ, જેથી છેતરાઈ ન જવાય.

(6) વક્તાએ અસરકારક રીતે (મોટા અને સ્પષ્ટ અવાજે, યોગ્ય શબ્દો પર ભાર મૂકીને, અવાજના આરોહ-અવરોહ સાથે) બોલવું અને શ્રોતાએ અસરકારક રીતે (ધ્યાન આપીને, રસ લઈને, પૂર્વગ્રહ વિના) સાંભળવું જોઈએ.

(7) શ્રોતાઓએ પ્રેષકને પોતાના પ્રતિભાવો આપવા તૈયાર રહેવું જોઈએ. દા.ત., ''તમારી વાતમાં મને સમજ ન પડી'' કે ''તમારા મત સાથે હું સહમત નથી.'' પ્રેષકે એ પ્રતિભાવો મુજબ પોતાના પ્રત્યાયને અનુકૂળ બનાવવું કે સુધારવું જોઈએ.

**પ્રેષકનું કૌશલ્ય**

કૌશલ્ય વિકસાવવા માટે નીચેની સૂચનાઓ ઉપયોગી બને છે :

(1) સંદેશો આપવાનાં ધ્યેયો નક્કી કરો.

(2) સામાન્ય વ્યક્તિને સમજાય એ રીતે સંદેશાને સ્પષ્ટ બનાવો.

(3) સંદેશો ઝીલનાર વ્યક્તિઓને ઓળખો. તેમની વય, જાતિ, કેળવણીની કક્ષા વગેરેને ધ્યાનમાં લઈ તે મુજબ સંદેશાની વિગત નક્કી કરો.

(4) સંદેશ ઝીલનારાઓ પ્રશ્નો પૂછશે એમ ધારી જ લો અને તેઓ કેવા કેવા પ્રશ્નો પૂછશે તે વિચારી તેના શક્ય જવાબો તૈયાર રાખો.

(5) સંદેશો આપવામાં કોઈ મુદ્દા રહી ન જાય એ માટે મહત્ત્વના મુદ્દાની નોંધ રાખો.

(6) આત્મવિશ્વાસથી અને પ્રભાવશાળી રીતે બોલો.

(7) રજૂઆત પહેલાં મહાવરો કરો.

(8) પ્રત્યાયન વખતે વાપરવાની સાધનસામગ્રી ચકાસીને પહેલેથી તૈયાર રાખો.

(9) સમયમર્યાદામાં પ્રત્યાયન પૂરું કરો.

**ગ્રાહક (સંદેશો ઝીલનાર)નું કૌશલ્ય**

સંદેશો યથાર્થ રીતે ઝીલવા અને સમજવા માટે નીચેની સૂચનાઓનું પાલન કરવું હિતાવહ છે :

(1) પ્રત્યાયન વિશે પહેલેથી પૂર્વગ્રહ બાંધી લેશો નહિ.

(2) પ્રત્યાયના વિષય વિશે તમે પોતે પણ આગળથી માહિતી મેળવો અને વિચારો જેથી વક્તા સાથે યોગ્ય ચર્ચા થઈ શકે.

(3) પ્રત્યાયન ચાલુ હોય ત્યારે વિક્ષેપો કરવાનું ટાળો.

(4) વક્તાના શબ્દો કરતાં અર્થ ઉપર ધ્યાન આપો.

(5) તમે ઝીલેલા સંદેશાનો સારાંશ બનાવો.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોની સવિસ્તર સમજૂતી આપો :**

(1) ભાષાની વ્યાખ્યા આપી, તેનાં લક્ષણોની ચર્ચા કરો.

(2) ભાષાનાં વિવિધ પાસાઓની સમજૂતી આપો.

(3) પ્રત્યાયનનાં કૌશલ્યો વિગતે સમજાવો.

(4) પ્રત્યાયનમાં આવતા અવરોધોની ચર્ચા કરો.

(5) ભાષા અને વિચાર વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કરો.

**2. ટૂંક નોંધ લખો :**

(1) વાણીવિકાસની પ્રક્રિયા

(2) વાણીવિકાસના સિદ્ધાંતો

(3) વાણીમાં થતી ભૂલોની

(4) પ્રત્યાયન પ્રક્રિયાનું મૉડલ

(5) પ્રત્યાયન પ્રક્રિયાનાં લક્ષણો

**3. નીચેના પ્રશ્નોના બે કે ત્રણ વાક્યોમાં ઉત્તર લખો :**

(1) બોલવાની ક્રિયામાં ક્યાં-ક્યાં કૌશલ્યોનો સમાવેશ થાય છે ?

(2) પ્રત્યાયન કોને કહેવાય ?

(3) શાબ્દિક પ્રત્યાયન કોને કહેવાય ?

(4) અશાબ્દિક પ્રત્યાયન કોને કહેવાય ?

(5) પ્રત્યાયનના પ્રતિમાન (મૉડલ)ના સાત તબક્કા ક્રમમાં લખો.

(6) મોર્ફીમ એટલે શું ?

(7) શબ્દ-સંયોજન એટલે શું ?

(8) ભાષાકીય સાપેક્ષતાની ઉત્કલ્પના જણાવો.

(9) ભાષાનું શબ્દાર્થ શાસ્ત્રીય પાસું એટલે શું ?

(10) પ્રત્યાયનમાં ઓછામાં ઓછા કેટલા વ્યક્તિ હોય છે ?

**4. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તરો લખો :**

(1) ભાષાનાં લક્ષણો જણાવો.

(2) ભાષાની વ્યાખ્યા આપો.

(3) કઈ ઉંમરે બાળક 'બડબડ અવસ્થા' માં પહોંચે છે ?

(4) ટૂંકા સંદેશાઓની વાણી એટલે શું ?

(5) ધ્વનિ એકમ કોને કહેવાય ?

(6) સંદેશાના વહનના માધ્યમને શું કહે છે ?

(7) 'પ્રત્યાયન કારણરૂપ તેમજ પરિણામરૂપ હોય છે' તેનું ઉદાહરણ આપો.

(8) અસરકારક પ્રત્યાયન કરવા માટેનાં કૌશલ્યો કોણે-કોણે વિકસાવવા પડે છે ?

(9) વાણીવિકાસનો વાતાવરણ સિદ્ધાંત કોણે આપ્યો છે ?

(10) વાણીવિકાસનો જન્મજાત સિદ્ધાંત કોણે આપ્યો છે ?

**5. નીચેના પ્રત્યેક પ્રશ્નમાં આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી સાચો ઉત્તર આપો :**

(1) નીચેનામાંથી કયું ભાષાનું લક્ષણ નથી ?

(અ) લાગણીઓનું તંત્ર (બ) પ્રતીકોની ઉપસ્થિતિ (ક) નિયમોનો સમૂહ (ડ) પ્રત્યાયન

(2) આપણે ભાષાની અભિવ્યક્તિ કઈ રીતે કરીએ છીએ ?

(અ) બોલીને (બ) લખીને (ક) સંકેતો દ્વારા (ડ) અ, બ અને ક ત્રણેય

(3) વાણીના લઘુતમ એકમને શું કહે છે ?

(અ) ધ્વનિ એકમ (બ) અર્થપૂર્ણ એકમ (ક) સંયોજન એકમ (ડ) શબ્દાર્થ એકમ

(4) ભાષાના નાનામાં નાના અર્થપૂર્ણ એકમને શું કહે છે ?

(અ) ફોનેમ (બ) મોર્ફીમ (ક) સિન્ટેક્ષ (ડ) સિમેન્ટિક્સ

(5) વડીલ કે મોભાદાર વ્યક્તિને વિનંતી કે સૂચન કરી શકાય, આદેશ આપી શકાય નહિ, આ બાબત ભાષાના કયા પાસાને સૂચવે છે ?

(અ) ધ્વનિશાસ્ત્રીય (બ) શબ્દાર્થશાસ્ત્રીય

(ક) સામાજિકશાસ્ત્ર સંદર્ભલક્ષી (ડ) વય સંદર્ભલક્ષી

(6) વાણીવિકાસનો વાતાવરણ સિદ્ધાંત કોણે આપ્યો છે ?

(અ) બી. એફ. સ્કિનર (બ) નોઆમ ચોમસ્કી (ક) જિન પિયાજે (ડ) બેન્જામિન લી વ્હોર્ફ

(7) કયા મનોવૈજ્ઞાનિકનું માનવું છે કે વિચાર ભાષાને ઘડે છે ?

(અ) લેવ વાયોગોત્સકી (બ) નોઆમ ચોમસ્કી

(ક) જિન પિયાજે (ડ) બેન્જામિન લી વ્હોર્ફ

(8) સંકેતો કે સંદેશાઓને મોકલવાની અને ઝીલવાની પ્રક્રિયા એટલે.

(અ) વાણી (બ) ભાષા (ક) પ્રતિપુષ્ટિ (ડ) પ્રત્યાયન

(9) કયા પ્રકારના પ્રત્યાયનમાં ભાષાના સંકેતો નહિ પણ અન્ય સંકેતોનો ઉપયોગ થાય છે ?

(અ) અશાબ્દિક પ્રત્યાયન (બ) સરળ પ્રત્યાયન (ક) શાબ્દિક પ્રત્યાયન (ડ) જટિલ પ્રત્યાયન

(10) અશાબ્દિક પ્રત્યાયનનો અન્ય કઈ બાબત તરીકે પણ અભ્યાસ થાય છે ?

(અ) મનની ભાષા (બ) મનની વાત (ક) શરીરની ભાષા (ડ) વર્તનની ભાષા

●